પરિપત્ર

જા..નં.મકમ/પરિપત્ર/૧૩-૧૪/૫૯૫૨
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, બ્લૉક નં.૧૬,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૩-૧૨-૨૦૧૩

વિષય – ખાતાકીય પરીક્ષાઓ બાબત
સંદર્ભ-૧. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગરનો પત્રનં. ક્રમાંક-ખતપ/૧૫૨૦૧૩/૮૫/ગ તારીખ- ૮/૧૧/૨૦૧૩

આથી વડી કચેરી ખાતેની તમામ શાખાના વડાઓ/ તમામ જિલ્લા કચેરીઓના વડાઓ અને સરકારી સંસ્થાઓના વડાઓને જણાવવાનું કે, ખાતાકીય પરીક્ષા અંગેની સૂચનાઓ, પરીક્ષા પધ્ધતિ અને પરીક્ષા આપવા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને અરજી મોકલાવવા અંગેની અરજીપત્રનો નમુનો આ સાથે મોકલી આપવામાં આવે છે. જે બાબતે ખાતાના સંબંધિત કર્મચારીઓને જાણકારી આપવા જણાવવમાં આવે છે.

બિડાણ - ઉપર મુજબ

નાયબનિયામક
સમાજ સુરક્ષા ખાતું
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ રવાના-
૧. વડી કચેરીની તમામ શાખાના વડાઓને જાણ સારૂ
૨. ખાતાની તમામ સંસ્થા/કચેરીના વડાઓને જાણ સારૂં

ડેસ્કટોપ-બીઆર-લેટર

આવક ક્રમાંક: ૨૫૨૨૬
તારીખ: 11 DEC 2013
પ્રતિ, કચેરી અધિક્ષક ઈનવર્ડ ક્લાર્ક

ક્રમાંક:સકન/ખા.પ./૨૦૧૩-૧૪/No 41947
અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી,
સેક્ટર-૧૮, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
તા. 5 DEC 2013

નિયામકશ્રી,
સમાજ સુરક્ષા ખાતું,
બ્લોક નં. ૧૬, જૂના સચિવાલય,
ગાંધીનગર.

વિષય.- ખાતાકીય પરીક્ષા પધ્ધતિમાં ફેરફાર કરી આ પરીક્ષાઓ M.C.Q. પ્રશ્નપત્ર અને O.M.R. પધ્ધતિથી યોજવા તથા તે અંગેની અગત્યની સૂચનાઓ તેમજ ખાતાકીય પરીક્ષા આપવાની થતી હોય તેવા કર્મચારીઓને અરજીપત્રક મોકલવા બાબત.

મહાશય,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરના પત્રક્રમાંક:ખતપ/૧૫૨૦૧૩/૮૫/ગ ના તા.૦૮/૧૧/૨૦૧૩ના પત્રથી જણાવવામાં આવ્યું હતું કે, સામાન્ય વહીવટ વિભાગ દ્વારા હવે પછી યોજાનારી તમામ ખાતાના વડાઓનાં વર્ગ-૩ના તમામ સંવર્ગની ખાતાકીય પરીક્ષા પધ્ધતિમાં ફેરફાર કરીને આ પરીક્ષાઓ M.C.Q. પ્રશ્નપત્ર અને O.M.R. પધ્ધતિથી યોજવામાં આવશે. વધુમાં, ઉક્ત પત્રમાં જણાવ્યાનુસાર M.C.Q. પ્રશ્નપત્ર અને O.M.R. પધ્ધતિથી યોજાનાર ખાતાકીય પરીક્ષા માટે નીચે જણાવેલ સૂચનાઓ તથા પત્ર સાથે સામેલ

(૧) નમૂનાનું ઓ.એમ.આર.શીટ (ઉત્તરપત્ર)

(૨) સૂચિત પ્રશ્નપત્રનું પ્રથમ પેજ

(૩) ઉમેદવારો માટેની સૂચનાઓ ધ્યાને લેવા વિનંતી છે.

તદઉપરાંત આ પરીક્ષા જે કર્મચારીઓએ આપવાની થતી હોય તેઓએ આ સાથે સામેલ નિયત અરજીપત્રકમાં વિગત ભરીને દિન-૨૦ માં અત્રેની કચેરી ખાતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

બિડાણ:- (૧) ગૌણ સેવા પસંદગી મંડળના પત્રની નકલ
(૨) નિયત અરજીપત્રકની નકલ

નિયામક
અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર
ગાંધીનગર

EABHAVESH\ખાતાકીય પરીક્ષા પધ્ધતિમાં ફેરફાર બાબત ૨૦૧૩

ક્રમાંક:ખતપ/૧૫૨૦૧૩/૮૫/ગ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં. ૪, પહેલો માળ,
ગાંધીનગર-૩૮૨૦૧૦.

8 NOV 2013

પ્રતિ,

નિયામકશ્રી,
અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની કચેરી
સેક્ટર-૧૮, ગાંધીનગર

**વિષય:-** ખાતાકીય પરીક્ષા પધ્ધતિમાં ફેરફાર કરી આ પરીક્ષાઓ M.C.Q પ્રશ્નપત્ર અને O.M.R પધ્ધતિથી યોજવા બાબત. તથા તે અંગેની અગત્યની સૂચનાઓ બાબત.

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, મંડળના સરખા ક્રમાંકના તા.૧૨/૯/૨૦૧૩ ના પત્રથી જણાવવામાં આવેલ હતુ કે, હવે પછી યોજાનારી તમામ ખાતાના વડાઓના વર્ગ-૩ના તમામ સંવર્ગની ખાતાકીય પરીક્ષા પધ્ધતિમાં ફેરફાર કરીને આ પરીક્ષાઓ M.C.Q પ્રશ્નપત્ર અને O.M.R પધ્ધતિથી લેવામાં આવશે. તદઉપરાંત એ પણ જણાવવામાં આવેલ હતુ કે, જે તે સંવર્ગના ખાતાકીય પરીક્ષાના નિયમોમાં જણાવ્યા અનુસાર આ પરીક્ષા માન્ય પુસ્તકો સાથે તેમજ સંબધિત પ્રશ્નપત્રના ગુણ અને સમય નિયમોમાં જણાવ્યા અનુસારના જ રહેશે. વધુમાં ઉક્ત પત્રમાં જણાવ્યા અનુસાર M.C.Q પ્રશ્નપત્ર અને O.M.R પધ્ધતિથી યોજાનાર ખાતાકીય પરીક્ષા માટે નીચે જણાવેલ સૂચનાઓ તથા પત્ર સાથે સામેલ

(૧) નમૂનાનું ઓ.એમ.આર. શીટ (ઉત્તરપત્ર)

(૨) સૂચિત પ્રશ્નપત્રનું પ્રથમ પેજ

(૩) ઉમેદવારો માટેની સૂચનાઓ ધ્યાને લેવા વિનંતી છે. તથા ઉપરોક્ત બાબતો આપના ખાતાના નિયંત્રણ હેઠળની કચેરીઓને તેમજ હવે પછી યોજાનાર તમામ ખાતાકીય પરીક્ષાઓમાં ઉપસ્થિત થનાર તમામ કર્મચારીઓના ધ્યાને મુકવા પણ વિનંતી છે. વધુમાં જણાવવાનું કે, આ તમામ બાબતો મંડળની વેબસાઈટ www.gsssb.gujarat.gov.in ઉપર પણ મુકવામાં આવેલ છે. જેની તમામ સંબધિત કર્મચારીઓને જાણ કરવા વિનંતી છે.

**M.C.Q પ્રશ્નપત્ર અને O.M.R પધ્ધતિથી યોજાનાર ખાતાકીય પરીક્ષા માટેની અગત્યની સૂચનાઓ**

૧. આ પરીક્ષા માટે મંડળ દ્વારા માઈનસ ગુણ પધ્ધતિ રાખવામાં આવેલ નથી. ઓ.એમ.આર. પધ્ધતિમાં દરેક પ્રશ્ન એક ગુણનો રહેશે. પરંતુ એક જ પ્રશ્નના જવાબમાં એકથી વધુ વર્તુળને ડાર્ક કરવામાં આવ્યા હશે, છેકછાક કરેલા જવાબો, ઓ.એમ.આર. શીટમાં નિયત કરેલ જગ્યા સિવાય અન્યત્ર આપેલ જવાબોને ખોટા જવાબ ગણવામાં આવશે.

ઈનવર્ડ નં. ૧૨૨૧૪ - ૨ --
તારીખ 20 NOV 2013
અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર,
ગાંધીનગર.

૨. ઓ.એમ.આર. શીટમાં ઉમેદવારે ફક્ત વાદળી અથવા કાળી બોલપેનનો જ ઉપયોગ કરવાનો રહેશે.

૩. પરીક્ષા શરૂ થયેથી એક કલાક સુધી ઉમેદવાર પોતાનો પરીક્ષાખંડ છોડી શકશે નહીં. અને ત્યાર બાદ પરંતુ પરીક્ષા પૂર્ણ થયા પહેલા ઉમેદવારે પરીક્ષાખંડ છોડવો હશે તો પોતાનું ઉત્તરપત્ર (ઓ.એમ.આર.શીટ) અને પ્રશ્નપત્ર એમ બંન્ને પરત આપીને જ પરીક્ષાખંડ છોડી શકશે

૪. ખાતાકીય પરીક્ષાઓ M.C.Q પ્રશ્નપત્ર અને O.M.R પધ્ધતિથી યોજનાર હોવાથી પરીક્ષા પૂર્ણ થયે તમામ ઉમેદવારોએ પોતાના પ્રશ્નપત્રો ખંડ નિરીક્ષકને પરત આપવાના રહેશે. એટલે કે ઉમેદવાર પોતાની સાથે સંબંધિત વિષયનું પ્રશ્નપત્ર લઇ જઇ શકશે નહિ. તેમ છતાં કોઇ ઉમેદવાર પોતાનું પ્રશ્નપત્ર પોતાની સાથે લઇ ગયેલ જણાશે તો તે ઉમેદવારનું ઉત્તરપત્ર (O.M.R સીટ) તપાસવામાં આવશે નહિ. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

૫. ઉપર જણાવ્યા પ્રમાણે તમામ સંવર્ગોની ખાતાકીય પરીક્ષા M.C.Q પ્રશ્નપત્ર અને O.M.R પધ્ધતિથી યોજવાની રહે છે. પરંતુ નીચે જણાવેલ સંવર્ગના સંબધિત પ્રશ્નપત્રોની ખાતાકીય પરીક્ષા વર્ણનાત્મક રીતે લેવાંમાં આવશે.

(૧) **નર્મદા જળ સંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ** હસ્તકના વર્તુળોની સિનિયર કલાર્ક સંવર્ગની ખાતાકીય પરીક્ષાના પેપર નં.૨ (એકાઉન્ટ) તથા

(૨) પેપર નં-૪ (સામાન્ય પત્ર વ્યવહાર)

(3) **વાણિજ્યક વેરા નિરીક્ષક સંવર્ગના** પ્રશ્નપત્ર-૨ (કોમર્શીયલ લો અને એકાઉન્ટ તથા

(૪) પ્રશ્નપત્ર-૩ (એસેસમેન્ટ)

(૫) **માહિતી નિયામકશ્રીની કચેરીની** સંપાદન ઉચ્ચ શ્રેણી સંવર્ગના ખાતાકીય પરીક્ષાના પ્રશ્નપત્ર નં-૪ (એડીટેરીયલ બાબતો) તથા

(૬) પ્રશ્નપત્ર-૫ (તાંત્રિક બાબતો)

(૭) **સેટલમેન્ટ કમિશ્નરની કચેરીની** નીમ્ન સેવા સંવર્ગની ખાતાકીય પરીક્ષાના પ્રશ્નપત્ર-૪ (ખાતાકીય બાબતો) તથા

(૮) પેટા સેવા સંવર્ગની ખાતાકીય પરીક્ષાના પ્રશ્નપત્ર નં-૬ (સર્વે સેટલમેન્ટ અને કલાસીફીકેશન મેટર-૧ તથા

(૯) ઉચ્ચ શ્રેણી સંવર્ગની ખાતાકીય પરીક્ષા પ્રશ્નપત્ર-૭ ( સીટી સર્વે મેન્યુઅલ અને કોમ્પ્યુટર અને અન્ય)

૬. હવે પછી યોજનાર તમામ ખાતાકીય પરીક્ષાઓ ઓ.એમ.આર પધ્ધતિથી યોજવાની રહેતી હોવાથી તેમજ ઓ.એમ.આર. કમ્પ્યુટર ધ્વારા સ્કેન થતુ હોવાથી ઓ.એમ.આર પધ્ધતિમાં રીચેકીંગની જોગવાઈ નાબુદ થાય છે. એટલે કે, ઉમેદવાર રીચેકીંગ કરાવી શકશે નહીં પરંતુ ફક્ત ઉપર જણાવેલ વર્ણનાત્મક પ્રશ્નપત્રોમાં રીચેકીંગ કરાવી શકશે.

૭. **આ ઉપરાંત આ સાથે સામેલ ઉમેદવારો માટે અગત્યની સૂચનાઓ અવશ્ય ધ્યાને લેવાની રહેશે.**

**આપનો વિશ્વાસુ**

બિડાણ : ઉપર મુજબ.

સેક્શન અધિકારી
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ
ગાંધીનગર

70/c

# ખાતાકીય પરીક્ષા માટેનું O.M.R. SHEET (ઉત્તરપત્ર)

OMR
ઉત્તરપત્ર ક્રમાંક
000000

ખાતાના વડાની કચેરીનું નામ

ખાતાકીય પરીક્ષાનું નામ

વિષય :
(પ્રશ્નપત્રમાં આપ્યા પ્રમાણે)

પરીક્ષા તારીખ　　　સમય　　　કુલ ગુણ

ખાસ નોંધ : ઓ.એમ.આર. શીટની વિગતો ભરતા પહેલા પાછળ આપેલ સૂચનાઓ અવશ્ય ધ્યાને લેવી.

નોંધ : ઉમેદવારે આ OMR Sheet ઉત્તરપત્રમાં પેન્સિલ વડે બેઠક નંબર, પ્રશ્નપત્ર સિરીઝ અને પેપર નંબર કુંડાળીમાં ભરવાના રહેશે.

| બેઠક ક્રમાંક | પ્રશ્નપત્ર સિરીઝ | પેપર નંબર |
|---|---|---|
| 0 0 0 0 | | 0 |
| 1 1 1 1 | A | 1 |
| 2 2 2 2 | | 2 |
| 3 3 3 3 | B | 3 |
| 4 4 4 4 | | 4 |
| 5 5 5 5 | C | 5 |
| 6 6 6 6 | | 6 |
| 7 7 7 7 | D | 7 |
| 8 8 8 8 | | 8 |
| 9 9 9 9 | | 9 |

ઉમેદવારની સહી

SAMPLE

નિરીક્ષકની સહી

| પ્ર.નં. | જવાબ | પ્ર.નં. | જવાબ | પ્ર.નં. | જવાબ | પ્ર.નં. | જવાબ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | A B C D | 26 | A B C D | 51 | A B C D | 76 | A B C D |
| 2 | A B C D | 27 | A B C D | 52 | A B C D | 77 | A B C D |
| 3 | A B C D | 28 | A B C D | 53 | A B C D | 78 | A B C D |
| 4 | A B C D | 29 | A B C D | 54 | A B C D | 79 | A B C D |
| 5 | A B C D | 30 | A B C D | 55 | A B C D | 80 | A B C D |
| 6 | A B C D | 31 | A B C D | 56 | A B C D | 81 | A B C D |
| 7 | A B C D | 32 | A B C D | 57 | A B C D | 82 | A B C D |
| 8 | A B C D | 33 | A B C D | 58 | A B C D | 83 | A B C D |
| 9 | A B C D | 34 | A B C D | 59 | A B C D | 84 | A B C D |
| 10 | A B C D | 35 | A B C D | 60 | A B C D | 85 | A B C D |
| 11 | A B C D | 36 | A B C D | 61 | A B C D | 86 | A B C D |
| 12 | A B C D | 37 | A B C D | 62 | A B C D | 87 | A B C D |
| 13 | A B C D | 38 | A B C D | 63 | A B C D | 88 | A B C D |
| 14 | A B C D | 39 | A B C D | 64 | A B C D | 89 | A B C D |
| 15 | A B C D | 40 | A B C D | 65 | A B C D | 90 | A B C D |
| 16 | A B C D | 41 | A B C D | 66 | A B C D | 91 | A B C D |
| 17 | A B C D | 42 | A B C D | 67 | A B C D | 92 | A B C D |
| 18 | A B C D | 43 | A B C D | 68 | A B C D | 93 | A B C D |
| 19 | A B C D | 44 | A B C D | 69 | A B C D | 94 | A B C D |
| 20 | A B C D | 45 | A B C D | 70 | A B C D | 95 | A B C D |
| 21 | A B C D | 46 | A B C D | 71 | A B C D | 96 | A B C D |
| 22 | A B C D | 47 | A B C D | 72 | A B C D | 97 | A B C D |
| 23 | A B C D | 48 | A B C D | 73 | A B C D | 98 | A B C D |
| 24 | A B C D | 49 | A B C D | 74 | A B C D | 99 | A B C D |
| 25 | A B C D | 50 | A B C D | 75 | A B C D | 100 | A B C D |

SAMPLE

## ઓ.એમ.આર. શીટ (ઉત્તરપત્ર) ભરવા માટેની જવાબ આપવા માટેની સૂચનાઓ

૧. બેઠક નંબર નીચે પ્રમાણે દર્શાવવો. દા.ત. આપનો બેઠક નંબર : ૦૧૨૫ હોય તો ઓ.એમ.આર. શીટના નંબરના બોક્ષમાં વાદળી અથવા કાળી બોલપેન વડે | ૦ | ૧ | ૨ | ૫ | નંબર લખી તે મુજબ તેની નીચે દર્શાવેલ વર્તુળ વાદળી અથવા કાળી બોલપેનથી પુરેપુરુ ડાર્ક કરવાનું રહેશે.




૨. પ્રશ્નપત્ર સિરિઝની વિગત સાચી રીતે સંબધિત બોક્ષમાં વાદળી અથવા કાળી બોલપેન થી લખી તેની નીચે દર્શાવેલ વર્તુળ વાદળી અથવા કાળી બોલપેનથી પુરેપુરુ ડાર્ક કરવાનું રહેશે.

૩. પ્રશ્નપત્રના પ્રશ્ન નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ નક્કી કર્યા બાદ, ઓ.એમ.આર. શીટમાં જે તે પ્રશ્ન સામેના વર્તુળને વાદળી અથવા કાળી બોલપેનથી પુરેપુરુ ડાર્ક કરવાનું રહેશે.

૪. એક કરતા વધારે પૂર્ણ કરેલા વર્તુળવાળા જવાબ અને છેકછાક વાળા તેમજ અન્ય જગ્યાએ દર્શાવેલ જવાબોને ખોટા જવાબ ગણવામાં આવશે.

૫. ઓ.એમ.આર. શીટમાં જે તે પ્રશ્ન સામેના વર્તુળને પૂર્ણ રીતે ડાર્ક કરવામાં આવેલ નહીં હોય તો તેવા જવાબો કમ્પ્યુટર દ્વારા ધ્યાનમાં લેવાશે નહીં, અને તે માટેની સંપુર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે.

૬. ઓ.એમ.આર. શીટની તમામ વિગતો તેમજ જવાબ આપવા માટે ફક્ત વાદળી અથવા કાળી બોલપેનનો જ ઉપયોગ કરવાનો રહેશે. તે સિવાયની રીતે ભરેલાં ઓ.એમ.આર. શીટ તપાસવામાં આવશે નહીં.

૭. જવાબ આપવા માટે એક વાર ડાર્ક કરેલ વર્તુળને પછી બદલી શકાશે નહીં.

૮. વ્હાઈટનર (સફેદ ઈન્ક), બ્લેડ, રબર કે અન્ય રીતે સુધારેલ જવાબને માન્ય ગણવામાં આવશે નહીં.

૯. દરેક પ્રશ્નનો સાચો જવાબ આપવા માટે ઓ.એમ.આર.શીટમાં જે તે પ્રશ્નક્રમાંકની સામેનું વર્તુળ સંપૂર્ણ રીતે નીચે દર્શાવ્યા મુજબ વાદળી અથવા કાળી બોલપેનથી ડાર્ક કરવું.




૧૦. મંડળ દ્વારા માઈનસ ગુણ પદ્ધતિ અપનાવવામાં આવેલ નથી.

સૂચિત પ્રશ્નપત્રનું પ્રથમ પેજ

# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર

ખાતાના વડાની કચેરીનું નામ

ખાતાકીય પરીક્ષાનું નામ

વિષય

પરીક્ષા તારીખ સમય કુલ ગુણ

પ્રશ્ન પુસ્તિકા સિરીજ ઉમેદવારનો બેઠક નંબર

તમને સૂચના આપવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહી.

## ઉમેદવારોને સૂચના

(1) આ કસોટીપત્રમાં કુલ પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C, અને D પૈકી કોઈ એક છે. પ્રશ્નની સાથે જ ચારેય વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. તમારે આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર (OMR SHEET) માં જ ઉત્તર આપવાના છે.

ઉદાહરણ તરીકે ::

ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે?

(A) સરદાર પટેલ (B) મહાત્મા ગાંધી

(C) સુભાષચંન્દ્ર બોઝ (D) વિનોબા ભાવે

જવાબવહી ( Answer sheet) માં

(A) (B) (C) (D)

ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ "B" છે. આથી "B" નું વર્તુળ કાળું (encode) કરેલ છે.

ઉમેદવારોએ જવાબમાં "મહાત્મા ગાંધી" લખવું નહી.

(2) પરીક્ષા શરૂ થયેથી એક કલાક સુધી ઉમેદવાર પરીક્ષાખંડ છોડી શકશે નહી. અને ત્યારબાદ પરીક્ષા પૂર્ણ થયા પહેલા ઉમેદવારે પરીક્ષા ખંડ છોડવો હોય તો પોતાનું ઉત્તરપત્ર અને પ્રશ્નપત્ર પરત આપવાનું રહેશે. પરીક્ષા પૂર્ણ થયા બાદ પણ ઉમેદવારે પોતાનું પ્રશ્નપત્ર ખંડ નિરીક્ષકને પરત આપવાનું રહેશે.

(3) પ્રશ્નપત્ર ઉમેદવારને મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET)માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર તથા અન્ય વિગતો સ્વચ્છ અક્ષરે લખવાની રહેશે.

(4) પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. મંડળ ધ્વારા ગુણાંકન પધ્ધતિમાં માઈનસ પધ્ધતિ દાખલ કરવામાં આવેલ નથી.

(5) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહી તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઈ છે. તેમ છતા પણ કોઈ પણ નિશાની કે ઓળખ કર્યાનું માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે. અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(6) ઉત્તરપત્ર (OMR SHEET)માં ઉમેદવાર તથા નિરીક્ષક બન્નેની સહી ફરજીયાત છે. બન્નેની સહી વિનાના OMR SHEET (ઉત્તરપત્રો) વાળા ઉમેદવારો ગેરલાયક ઠરશે.

(7) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસે માન્ય સાહિત્ય સિવાય અન્ય સાહિત્ય જેવું કે ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન જેવા અન્ય વીજાણું ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(8) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(9) ઉમેદવારે વાદળી/કાળી બોલપેનથી ઉત્તરો લખવાના રહેશે. અન્ય શાહી કે પેન્સિલનો ઉપયોગ કરી શકાશે નહી. સફેદ શાહી(વ્હાઈટ ઈન્ક) બ્લેડ કે રબરથી કે અન્ય કોઈપણ રીતે પ્રશ્નના જવાબમાં કરેલા સુધારા માન્ય ગણાશે નહી.

પરીક્ષા આપનાર ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગનિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્તભંગના પગલા ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.

## ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## ઓ.એમ.આર. પધ્ધતિથી યોજાનાર ખાતાકીય પરીક્ષા અંગે ઉમેદવારો માટેની અગત્યની સૂચનાઓ

સામાન્ય વહીવટ વિભાગે લીધેલ નિર્ણય અનુસાર હવેથી મંડળ ધ્વારા યોજાનાર તમામ ખાતાકીય પરીક્ષાઓ M.C.Q. પ્રશ્નપત્ર અને O.M.R. પધ્ધતિ થી યોજવાની રહેતી હોવાથી આ પધ્ધતિથી યોજાનાર ખાતાકીય પરીક્ષાઓ માટે નીચેની સૂચનાઓ ઉમેદવારોએ અવશ્ય ધ્યાને લેવી.

૧. જે તે ખાતાના વડાની તેમજ તેના નિયંત્રણ હેઠળની કચેરીઓના કર્મચારીઓના જે તે સંવર્ગના ખાતાકીય પરીક્ષાના નિયમોમાં દર્શાવેલ અભ્યાસક્રમ અનુસારનું જ પ્રશ્નપત્ર હશે. પ્રશ્નપત્રનો સમય અને તેના ગુણ નિયમોમાં દર્શાવ્યા પ્રમાણેના જ રહેશે. મંડળ ધ્વારા ફક્ત પરીક્ષા પધ્ધતિમાં ફેરફાર કરેલ છે એટલે કે, વર્ણાનાત્મક પરીક્ષા પધ્ધતિને બદલે હેતુલક્ષી પધ્ધતિથી પરીક્ષા લેવામાં આવશે.

૨. આ પરીક્ષાનું ઉત્તરપત્ર O.M.R. (ઓપ્ટીકલ માર્ક રીડીંગ) પધ્ધતિનું રહેશે. જેમાં ઉમેદવારોએ O.M.R. શીટમાં નિયત કરેલ જગ્યાએ બેઠક ક્રમાંક, પ્રશ્નપત્રની સિરીઝ, પેપર નંબર વગેરે જેવી અન્ય જરૂરી વિગતો ભરી પોતાની સહી કરવાની રહેશે. આ સિવાય અન્ય કોઈ લખાણ કે ઓળખચિહ્ન કરવા નહી અન્યથા આવી O.M.R. શીટને ક્ષતિયુક્ત ગણી કોમ્પ્યુટર તેની ચકાસણી કરશે નહી અને તેની જવાબદારી જે તે ઉમેદવારની રહેશે. તેથી O.M.R. શીટમાં તથા પ્રશ્નપત્ર ઉપર આપવામાં આવેલ સૂચનાઓ વાંચી તેનો અચૂક અમલ કરવાનો રહેશે.

૩. આ પરીક્ષાનું પ્રશ્નપત્ર હેતુલક્ષી પ્રકારનું રહેશે. પરીક્ષાનું માધ્યમ જે તે સંવર્ગની ખાતાકીય પરીક્ષાના નિયમોમાં દર્શાવ્યા પ્રમાણેનું રહેશે. આ પ્રકારની પરીક્ષામાં આપે વર્ણાનાત્મક જવાબો લખવાના રહેશે નહી. પરંતુ દરેક પ્રશ્ન માટે ચાર સૂચિત જવાબો (A B C D ) પ્રશ્નની નીચે જ આપવામાં આવેલ હશે જેમાંથી દરેક પશ્ન માટે આપે એક સાચો જવાબ પસંદ કરવાનો રહેશે. પસંદ કરેલ જવાબ સામે આપેલ ચિહ્ન (એટલે કે A B C D માંથી કોઈ એક) પસંદ કરી તેનો જવાબ O.M.R. શીટમાં આપવાનો રહેશે. જો આપ એકથી વધુ જવાબ પસંદ કરશો તો તેવા જવાબને રદ ગણી તેના ગુણ આપવામાં આવશે નહી.

ઉદાહરણ તરીકે :: ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે?

(A) સરદાર પટેલ (B) મહાત્મા ગાંધી (C) સુભાષચંન્દ્ર બોઝ (D) વિનોબા ભાવે

જવાબવહી ( Answer sheet) માં (A) (B) (C) (D)

ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ "B" છે. આથી "B" નું વર્તુળ કાળું (encode) કરેલ છે.

ઉમેદવારોએ જવાબમાં "મહાત્મા ગાંધી" લખવું નહી.

જો એકથી વધુ જવાબો આપવામાં આવેલ હશે તો તે જવાબ રદ ગણી તેના ગુણ આપવામાં આવશે નહી. આથી આ બાબતની ખાસ કાળજી લેવી.

૪. જવાબ આપવાની પધ્ધતિ પરીક્ષાખંડમાં આપને અલગથી પ્રશ્નપત્ર સાથે જવાબો લખવા માટે O.M.R. શીટ આપવામાં આવશે. આપે આપના જવાબ આ O.M.R. શીટમાં લખવાના રહેશે. O.M.R. શીટમાં નિયત કરેલ જગ્યા સિવાય અલગ લખેલા જવાબ તપાસવામાં આવશે નહી.

O.M.R. શીટમાં પ્રશ્નોની સંખ્યા આપવામાં આવેલ હશે. દરેક પ્રશ્નની સામે A B C D ચિહ્ન વાળા વર્તુળ આપવામાં આવેલ હશે. આપે પ્રશ્નપત્રમાંથી પ્રશ્ન વાંચી પ્રશ્ન નીચે A B C D સ્વરૂપે આપેલ વિકલ્પમાંથી સાચો જવાબ શોધી O.M.R. શીટમાં તે જ પ્રશ્નના ક્રમ સામે આપેલ વર્તુળને નીચે દર્શાવ્યા મુજબ પુરેપુરી રીતે ભુરી/કાળી બોલપેનથી ડાર્ક કરવાનું રહેશે. (દા.ત. આપનો જવાબ "C" હોય તો....




ઉપર પ્રમાણે જે જવાબ સાચો હોય તે જવાબ વાળા વર્તુળને પુરેપુરૂ ડાર્ક કરવાનું રહેશે. અત્રે એ ખાસ ધ્યાન રાખવા વિનંતી કરવામાં આવે છે કે વર્તુળનો કોઈ ભાગ ડાર્ક કરવાનો સહેજ પણ રહી ન જાય તે ખાસ ધ્યાન રાખવુ કારણ કે, વર્તુળ પુરેપુરૂ ડાર્ક ન થવાને કારણે ઓટોમેટીક મશીન/રીડર (કોમ્પ્યુટર) ધ્વારા તેની નોંધ લેવામાં આવતી ન હોઈ તેવા સંજોગોમાં તે માટેની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે. આ બાબતે મંડળની કોઈ જવાબદારી રહેશે નહી.

૫. O.M.R. પધ્ધતિમાં દરેક પ્રશ્ન એક ગુણનો રહેશે. તદઉપરાંત એક જ પ્રશ્નના જવાબમાં એકથી વધુ વર્તુળને ડાર્ક કરવામાં આવ્યા હશે અને છેકછાક કરેલ જવાબો ને પણ ખોટો જવાબ ગણવામાં આવશે. મંડળ ધ્વારા માઈનસ ગુણ પધ્ધતિ રાખવામાં આવેલ નથી.

૬. એકવાર ડાર્ક કરેલ વર્તુળને/જવાબને ત્યારબાદ બદલી શકાશે નહી આથી શાંતીથી અને પુરેપુરી વિચારણા કર્યા બાદ જ જવાબ આપવો/વર્તુળ ડાર્ક કરવુ.

૭. વર્તુળને ડાર્ક કરવા માટે/જવાબ આપવા માટે માત્ર ભુરી/કાળી બોલપેનનો જ ઉપયોગ કરવાનો રહેશે. પેન્સિલ નો ઉપયોગ કરેલ હશે તો તેવી O.M.R. શીટ રદ ગણી કોમ્પ્યુટર ધ્વારા તેની ચકાસણી થશે નહી. જે બાબત તમામ ઉમેદવારોએ ધ્યાને લેવી.

૮. O.M.R. શીટ પર દર્શાવેલ વિગતો (જેવી કે બેઠક નંબર, પ્રશ્નપત્ર સિરીઝ, પેપર નંબર) અંગે ખોટી કે અસંગત વિગતો ભરેલ હશે તો તેવી O.M.R. શીટ રદબાતલ ગણવામાં આવશે. આથી O.M.R. શીટ પર દર્શાવેલ વિગતો પુરેપુરી કાળજીથી ભરવાની રહેશે.

૯. પરીક્ષાખંડમાં આપને નિરીક્ષક ધ્વારા O.M.R. શીટ આપવામાં આવશે O.M.R. શીટ પર નંબર છપાયેલ છે કે કેમ? તેની ખાતરી કરવી જો નંબર વગરની O.M.R. શીટ હોય તો તુરત જ નિરીક્ષક પાસેથી બદલાવી લેવી. નિરીક્ષકે O.M.R. શીટ પર સહી કરવાની રહે છે. નિરીક્ષકે સહી કરેલ છે કે કેમ? તેની ખાત્રી કરી લેવી. જો સહી ન હોય તો તેની જાણ નિરીક્ષકને કરી નિરીક્ષકની સહી કરાવી લેવી. પોતાની તેમજ નિરીક્ષકની સહી વિનાની O.M.R. શીટ મંડળ ધ્વારા માન્ય ગણાશે નહી.

૧૦. O.M.R. શીટનો ઉપયોગ કરતી વખતે તે વળે નહી, તેની ઉપર કરચલીઓ પડે નહી કે ફાટી ન જાય તેની ઉમેદવારે કાળજી લેવાની રહેશે. કારણ કે, આ પ્રકારની O.M.R. શીટ કોમ્પ્યુટર ધ્વારા તપાસી શકાતી ન હોઈ આ સંબંધે જે તે ઉમેદવારની પૂર્ણ જવાબદારી રહેશે.

૧૧. પરીક્ષાખંડમાં નિરીક્ષક તરફથી આપને પ્રશ્નપત્ર આપવામાં આવશે. પ્રશ્નપત્રના પ્રથમ પેજ પર A B C અથવા D લખેલ છે કે કેમ? તેમજ પ્રશ્નપત્રના બધા જ પાનાઓ છપાયેલ છે કે કેમ? તેમજ પ્રશ્નપત્રના પ્રથમ પેજ પર દર્શાવેલ કુલ પ્રશ્નોની સંખ્યા પ્રમાણેના પ્રશ્નો છે કે કેમ? તેની ખાત્રી કરી લેવી. જો તે પ્રમાણે ન જણાય તો નિરીક્ષક પાસેથી પ્રશ્નપત્ર બદલાવી લેવું. – ૩ –

૧૨. પ્રશ્નપત્ર પર ઉમેદવારે પોતાનો બેઠક નંબર અવશ્ય લખવાનો રહેશે.

૧૩. પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી માન્ય સાહિત્ય સિવાય જેવું કે ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન જેવા અન્ય વીજાણું ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે. જો કોઈ ઉમેદવાર ઉપર દર્શાવેલ બાબતોમાંથી કોઈપણ એક બાબત અન્વયે પકડાશે તો તુરત જ તેમનું લખવાનું બંધ કરાવવામાં આવશે. અને સંબધિત ઉમેદવારની O.M.R. શીટ તથા પ્રશ્નપત્ર પરત લઈ લેવામાં આવશે અને તે અંગેનું પ્રાથમિક નિવેદન ઉમેદવારે આપવાનું રહેશે. આવા ઉમેદવાર સામે મંડળ શિક્ષાત્મક કાર્યવાહીની પણ ભલામણ કરી શકે છે. જે બાબત તમામ ઉમેદવારોએ ધ્યાન પર લેવી. પરંતુ જરૂરીયાત વાળા વિષયોમાં કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકાશે.

૧૪. પરીક્ષા સમય દરમ્યાન ઉમેદવારે સુપરવાઈઝર/નિરીક્ષક/મંડળના અધિકારીઓ/પદાધિકારીઓ તરફથી જે સૂચનાઓ આપવામાં આવે તેનું ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે. તેમ છતા જો કોઈ ઉમેદવાર અનુચિત આચરણ કરશે તો તેઓને પરીક્ષામાંથી ઉઠાડી મુકવામાં આવશે. અને આવા ઉમેદવારો માટે મંડળ શિક્ષાત્મક કાર્યવાહીની પણ ભલામણ કરી શકે છે

૧૫. પરીક્ષા પૂર્ણ થયા બાદ તમામ ઉમેદવારોએ તેમની O.M.R. શીટ વર્ગખંડના નિરીક્ષકને પરત આપવાની રહેશે. O.M.R. શીટ પોતાની સાથે લઈ વર્ગખંડ છોડનાર ઉમેદવારો સામે પણ મંડળ ધ્વારા શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવા વિનંતી.

૧૬. પરીક્ષા શરૂ થયેથી એક કલાક સુધી ઉમેદવાર પરીક્ષાખંડ છોડી શકશે નહી. અને ત્યારબાદ પરીક્ષા પૂર્ણ થયા પહેલા ઉમેદવારે પરીક્ષા ખંડ છોડવો હશે તો પોતાનું ઉત્તરપત્ર(O.M.R સીટ) અને પ્રશ્નપત્ર એમ બંન્ને પરત આપીને પરીક્ષાખંડ છોડી શકશે.* તદઉપરાંત ખાતાકીય પરીક્ષાઓ M.C.Q પ્રશ્નપત્ર અને O.M.R પધ્ધતિથી યોજાનાર હોવાથી પરીક્ષા પૂર્ણ થયે તમામ ઉમેદવારોએ પોતાના પ્રશ્નપત્રો અને ઉત્તરપત્ર(O.M.R સીટ) ખંડ નિરીક્ષકને પરત આપવાના રહેશે. એટલે કે ઉમેદવાર પોતાની સાથે સંબંધિત વિષયનું પ્રશ્નપત્ર લઇ જઇ શકશે નહિ. તેમ છતાં કોઇ ઉમેદવાર પોતાનું પ્રશ્નપત્ર પણ પોતાની સાથે લઇ ગયેલ જણાશે તો તે ઉમેદવારનું ઉત્તરપત્ર (O.M.R સીટ) તપાસવામાં આવશે નહિ. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

૧૭. ઉમેદવારે વાદળી/કાળી બોલપેનથી ઉત્તરો લખવાના રહેશે. અન્ય શાહી કે પેન્સિલનો ઉપયોગ કરી શકાશે નહી. સફેદ શાહી(વ્હાઈટ ઈન્ક) બ્લેડ કે રબરથી કે અન્ય કોઈપણ રીતે પ્રશ્નના જવાબમાં કરેલા સુધારા માન્ય ગણાશે નહી.

---

# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

## ખાતાકીય પરીક્ષા–૨૦૧ .....

## અરજી ફોર્મ

## પરિશિષ્ટ–૩

કેન્દ્ર નું નામ :– ગાંધીનગર

ખાતે ..................... ૨૦૧૦માં લેવાનાર ........................................................................ કચેરીના ..........................................સંવર્ગની પરીક્ષામાં જોડાવા અંગેની અરજી.

૧ અરજદારનું પુરેપુરું નામ : અટક નામ પિતાનું નામ
(ગુજરાતીમાં)
(અંગ્રજીમાં) :

૨ હોદો :

૩ (ક) હાલમાં નોકરી કરતા હોય તેકચેરી નું નામ અને પુરેપુરું સરનામું(ગુજરાતીમાં) :

૪ જન્મ તારીખ અને પરીક્ષા સમયે વય :

૫ નિમણૂંકની તારીખ અને નોકરીમાં કુલ વર્ષ (રાજય પત્રિત/બિન રાજય પત્રિત) :

૬ અગાઉ પરીક્ષામાં બેઠા છો કે કેમ? 'હા' તો જે પરીક્ષામાં બેઠા હોય તેનો મહિનો અને વર્ષ :

૭ કોઈ મુકિત મેળવી છે. કે કેમ? જો 'હા' તો નીચેની વિગત ભરવી. (મુકિત અંગેના આધાર તરીકે પરિણામની પ્રમાણીત નકલ સામેલ કરવી.) :

| પરીક્ષાનું નામ | પરીક્ષાનો સમયગાળો | પ્રશ્ન પત્ર ક્રમાંક | મેળવેલ ગુણ |
|---|---|---|---|

નોંધ :– (અ) અગાઉના દરેક પ્રયત્નોની માર્કશીટની પ્રમાણીત નકલ બીડવી.
(બ) મેળવેલ મુકિતનો લાભ લેવા ઈચ્છો છો કે કેમ? (હા અથવા ના લખો) :– ....................
(ક) અહીં કરેલ પસંદગીને આખરી ગણવામાં આવશે અને તેમા કોઈ ફેરફારની છૂટ આપવામાં આવશે નહિ.

૮ પરીક્ષામાં બેસવા માટે લાગુ પડતા નિયમો
(૧)પરીક્ષા પાસ કરવા માટે નિયત કરેલ ....... તક (તક અને સમય મર્યાદા) :
(૨)પરીક્ષામાં બેસવા માટેની પાત્રતા શરૂ થવાની તારીખ :

૯ પુરા કરેલ કુલ પ્રયત્નની સંખ્યા :

૧૦ વધારાની ખાસ તક અપાઈ છે કે કેમ? (જે અનુસાર વધારાની ખાસ તક અપાઈ હોય તે હુકમ નંબર અને તારીખ નિર્દિષ્ટ કરી તેની એક નકલ સામેલ રાખવી) :

૧૧ વય અને નોકરીમાં મર્યાદામાં છુટછાટ મુકતા સત્તા ધરાવતા અધિકારીઓનો હુકમ :

નંબર, તારીખ (હુકમની નકલ સામેલ રાખવી)

૧૨ નિયમ અનુસાર જરૂરી હોય ત્યાં પરીક્ષા ફી ચલનથી ભરેલ છે કે કેમ? (ચલનની નકલ સામેલ રાખવી) :

૧૩ પરીક્ષા પાસ કરવાનો હેતુ દા.ત. કાયમી થવું સરકારી નોકરીમાં ચાલુ રહેવું, બઢતી વગેરે :

૧૪ ખાતાકીય પરીક્ષામાં નિયમોનુસાર બેસવાપાત્ર છે કે કેમ? :

૧૫ અન્ય કોઈ જરૂરી માહિતી હોય તો :

સ્થળ :— ઉમેદવારની સહી

તારીખ :—

નોંધ :— કર્મચારીઓના આવેદનપત્રો તથા ઓળખપત્રો કચેરી દ્વારા ખાતાના વડા મારફત મોકલવા.

## —:: પ્રમાણપત્ર ::—

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે કોલમ ૦ ૧૫ માં દર્શાવેલ વિગત સંબંધિત પરીક્ષાઓના નિયમો ધ્યાનમાં લઈ ચકાસણી કરવામાં આવેલ છે ઉમેદવારે ભરેલી વિગતો સાચી છે.

સ્થળ :—
તારીખ :— કચેરીના વડાની સહી અને સિકકો

સ્થળ :—
તારીખ :— ખાતાના વડાની સહી અને સિકકો